પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૦૧ | ૧૧ જાન્યુઆરી, ૨૦૨૧, સોમવાર; માગશર વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# વેક્સિનેશન માટે દેશમાં તંત્ર મિશન મોડ પર

**આજે મોદીની રાજ્યના મુખ્યમંત્રીઓ સાથે સાંજે ૪ વાગ્યે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા બેઠક યોજાશે : દેશમાં ૧૬ જાન્યુઆરીથી કોરોના વેક્સીનેશન શરૂ થશે**



નવી દિલ્હી, તા. ૧૦

કોરોના વાયરસ રસીની મંજૂરી બાદ હવે દેશમાં રસીકરણને લઈને તૈયારીઓ મિશન મોડમાં છે. કોરોના વાયરસ રસીકરણ કાર્યક્રમ ૧૬ જાન્યુઆરીથી દેશમાં શરૂ થવાનો છે. દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે કોરોના રસીને લઈને વાત કરશે. આ બેઠક સોમવારે સાંજે ૪ વાગ્યે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા યોજાશે. આ બેઠકને કોરોના રસીકરણ પહેલાં મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. તમને જણાવી દઈએ કે રસી બનાવતી બે મોટી કંપનીઓ સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા અને ભારત બાયોટેકની કોવિશિલ્ડ અને કોવાક્સિનને મંજૂરી મળી છે. બધા રાજ્યોએ રસીકરણ માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

દિલ્હી સરકારે રવિવારે કોરોનાને હરાવવા માટે તેની રસીકરણ યોજના જાહેર કરી હતી. ૧૬ જાન્યુઆરીએ કોવિડ -૧૯ રસી દિલ્હીમાં ૮૯ સ્થળોએ લગાવવામાં આવશે. દિલ્હીના આરોગ્ય મંત્રી સત્યેન્દ્ર જૈને આ માહિતી આપી. આરોગ્ય મંત્રી સત્યેન્દ્ર જૈને જણાવ્યું હતું કે, પ્રથમ

● અનુસંધાન પાન-૭ પર

## હરિયાણાના કરનાલમાં ખેડૂતો અને પોલીસ વચ્ચે અથડામણ

**મુખ્યમંત્રી ખટ્ટર કિસાનો સાથે સંવાદ કરવા પહોંચ્યા હતા : હરિયાણા સીએમ મનોહરલાલ ખટ્ટરના કાર્યક્રમનો ખેડૂતોએ વિરોધ કર્યો**



કરનાલ,તા.૧૦

હરિયાણા સીએમ મનોહરલાલ ખટ્ટરના કાર્યક્રમનો ખેડૂતોએ વિરોધ કર્યો છે. કરનાલમાં ખેડૂતો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું. સ્થિતિ બગડી તો તેને કાબૂમાં લેવા માટે પોલીસે ટીયર ગેસનો ઉપયોગ કરવો પડ્યો. પહેલા ખેડૂતોને પાછળ હટવાનું કહેવાયું હતું. હરિયાણામાં સ્થિતિ કાબૂ બહાર જતા પોલીસે પાણીનો મારો કરીને ખેડૂતોને પાછળ કરવાની કોશિશ પણ કરવી પડી.

સૂબામાં સત્તાધારી પાર્ટી ભાજપની મહાપંચાયત હતી. પ્રદેશના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરે નવા કૃષિ કાયદાની જાણકારી આપવા માટે પ્રદેશના દરેક જિલ્લામાં કિસાન મહાપંચાયત કરવાની જાહેરાત કરી હતી. સીએમની પહેલી મહાપંચાયત કરનાલ ગામ કેમલામાં થવાની હતી. આ કાર્યક્રમનો ખેડૂત સંગઠનો વિરોધ કરી રહ્યા હતા. કાર્યક્રમના વિરોધમાં કરનાલમાં ખેડૂતોએ ખુબ હોબાળો મચાવીને સરકારને કડક ચેતવણી આપી આરપારની લડાઈની ધમકી આપી છે.

કરનાલમાં પોલીસ અને ખેડૂતો વચ્ચે ઘર્ષણના કારણે હાલાત તણાવપૂર્ણ છે. કાળા ઝંડા સાથે કાર્યક્રમ સ્થળની તરફ જતા ખેડૂતો પર પોલીસે લાઠીચાર્જ કર્યો. ટીયર ગેસના સેલ છોડ્યા અને વોટર કેનનનો પણ ઉપયોગ કર્યો. ખેડૂતો સતત નારેબાજી કરી રહ્યા છે.

જો કે, કિસાનો અને ખેડૂતો વચ્ચે કૃષિ આંદોલન અંગે અનેક બેઠકો યોજાઈ ચૂકી છે. છતાં તેનું કોઈ પરિણામ આવ્યું નથી. સીએમ ખટ્ટર પણ કિસાનો સાથે સંવાદ કરી કૃષિ કાયદા અંગે સ્થિતિ સ્પષ્ટ કરવા માગે છે. ખટ્ટર પહેલાં પણ કહી ચૂક્યાં છે કે, એમએસપી દૂર કરવામાં નહીં આવે.

## પશ્ચિમ બંગાળમાં કોરોના વેક્સિન ફ્રી અપાશે

**મુખ્યમંત્રી મમતા બેનર્જીની જાહેરાત : ૧૪મીથી કોરોના રસીનો પ્રથમ ડોઝ હેલ્થ વર્કર્સને અપાશે**

કોલકાતા, તા. ૧૦

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ રવિવારે જાહેરાત કરી હતી કે તેમની સરકાર રાજ્યના લોકોને મફત કોરોના રસી આપશે. તાજેતરમાં, કેન્દ્ર સરકારે ૧૬ જાન્યુઆરીથી દેશભરમાં કોરોના વેક્સિનેશનની જાહેરાત કરી હતી. મમતા સરકારનો આ નિર્ણયને રાજ્યની વિધાનસભાની ચૂંટણીઓ સાથે જોડાયેલો હોય તે રીતે જોવામાં આવી રહ્યું છે.

આગામી ગુરુવારથી બંગાળમાં કોવિડ રસીકરણ શરૂ થવાની સંભાવના છે. રાજ્યના આરોગ્ય વિભાગે માહિતી આપી છે કે, ૧૪મી જાન્યુઆરીથી કોરોના રસીનો પ્રથમ ડોઝ હેલ્થ વર્કર્સને લગાડવામાં આવશે. આ તમામને સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા તરફથી કોવિશિલ્ડ રસી આપવામાં આવશે. તેની ખેપ પુણેથી કોલકાતા પહોંચવાની છે. પશ્ચિમ બંગાળમાં કોરોના વાયરસના ચેપથી વધુ ૨૦ દર્દીઓનાં મોત બાદ શનિવારે મૃતકોની કુલ સંખ્યા વધીને ૯,૯૨૨ થઈ ગઈ છે. કોરોનાના ૭૮૭ નવા કેસો સાથે હવે ચેપગ્રસ્ત લોકોની કુલ સંખ્યા વધીને ૫,૫૯,૮૮૬ થઈ છે.

આરોગ્ય વિભાગે એક બુલેટિનમાં કહ્યું છે કે છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૯૭૮ લોકો ચેપમાંથી સ્વસ્થ થયા છે, ત્યારબાદ દર્દીઓનો રીકવરી રેટ ૯૬.૭૯ ટકા થયો છે. રાજ્યમાં અત્યાર સુધી કુલ ૫,૪૧,૯૩૦ લોકો રીકવર થયા છે. ૮,૦૩૪ લોકો હજી પણ વાયરસથી સંક્રમિત છે.



## એનડીએ સરકાર પાંચ વર્ષ પૂર્ણ કરશેઃ નીતિશ કુમાર

પટના,તા.૧૦

જનતા દળ યુનાઈટેડના પ્રદેશ કાર્યકારિણીની બેઠક દરમ્યાન ચૂંટણી હારનાર કેટલાંય ઉમેદવારોએ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ની વિરૂદ્ધ ખૂબ ભડાસ કાઢી અને તેના માટે સીધું જ સહયોગી દળને જવાબદાર ગણાવ્યું. તેમ છતાંય મુખ્યમંત્રી નીતીશ કુમારએ તેમને સ્પષ્ટ કહ્યું કે આ ચૂંટણી પરિણામને ભૂલીને કામ કરો. તેમની સરકાર પૂરા પાંચ વર્ષ સુધી ચાલશે.

નીતીશકુમારનું આ નિવેદન ખૂબ જ અગત્યનું મનાય છે કારણ કે બિહાર દ્રઢછમાં બધું બરાબર નહીં હોવાની ચર્ચા ચૂંટણી બાદથી જ ચાલી રહી છે. સાથો સાથ તાજેતરમાં જ પાર્ટી બેઠકમાં નીતીશે એમ પણ કહ્યું હતું કે ચૂંટણીના સમયે તેમને ખબર જ નહોતી પડી કે તેમનો દોસ્ત કોણ અને દુશ્મન કોણ?

જેડીયુ પ્રદેશ કાર્યકારિણીની બેઠકના પહેલાં દિવસે બોગો સિંહ, જય કુમાર સિંહ, લલન પાસવાન જેવા કેટલાંય નેતાઓએ પાર્ટી નેતૃત્વને ચેતવણી આપી કે તેઓ ભાજપથી સાવધાન રહે. કેટલીય સીટો પર પાર્ટીને મળેલી હાર માટે લોક જનશક્તિ પાર્ટી નહીં પરંતુ સીધી જ ભાજપ જવાબદાર છે. બેઠકમાં નીતીશ કુમાર જેડીયુ નેતાઓની તમામ વાતને શાંતિથી સાંભળતા રહ્યા.

જ્યારે સીએમ નીતીશકુમારનો બોલવાનો વારો આવ્યો તો તેમણે ચૂંટણી હારનાર ઉમેદવારોને સલાહ આપી કે તેઓ ચૂંટણી પરિણામને ભૂલીને પૂરી મજબૂતી સાથે એ રીતે ક્ષેત્રમાં કામ કરતાં રહે જેમકે તેઓ ચૂંટણી જીતીને કરતા હતા. આપણને જેમણે વોટ આપ્યા અને જેમણે નથી આપ્યા બધાની માટે એક સમાન કામ કરવાનું છે. તમે લોકો સમાજના દરેક તબક્કાની વચ્ચે જાઓ અને તેમના ઉત્થાન માટે કામ કરો. સરકાર પૂરા પાંચ વર્ષ ચાલશે.

## દેશમાં ૭ મહિનામાં ૩૩૦૦૦ ટન કોવિડ બાયોમેડિકલ કચરો

**3 એફિલ ટાવર થાય એટલો બાયોમેડિકલ કચરો : બાયોમેડિકલ વેસ્ટ જનરેટ કરનારા રાજ્યોમાં ગુજરાત ૧થી ૫માં : ૩,૫૮૭ ટન કચરા સાથે મહારાષ્ટ્ર ટોચ પર**

નવી દિલ્હી, તા. ૧૦

ભારતમાં પાછલા ૭ મહિનામાં ૩૩,૦૦૦ ટન કોવિડ



બાયોમેડિકલ કચરો થયો છે, જેમાં ૩,૫૮૭ ટન કચરા સાથે મહારાષ્ટ્ર ભારતમાં ટોચ પર છે. આ આંકડા સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (ૐઝ્રમ)ના ડેટામાં જણાવાયો છે.

અત્યાર સુધીમાં ઓક્ટોબર મહિનામાં સૌથી વધારે ૫,૫૦૦ કરતા વધુ ટન કોવિડ વેસ્ટ ભેગો થયો છે. એક ગણતરી પ્રમાણે સંપૂર્ણ એફિલ ટાવરનું વજન ૧૦,૧૦૦ ટન થાય છે. એટલે કે જો ભારતમાં ૭ મહિનામાં એકઠા થયેલા બાયોમેડિકલ વેસ્ટની વાત કરીએ તો તેનું વજન ત્રણ એફિલ ટાવર કરતા પણ વધારે થાય છે.

રાજ્યના પોલ્યુશન કંટ્રોલ બોર્ડના આંકડા પ્રમાણે જૂન ૨૦૨૦થી તમામ રાજ્યોમાંથી ૩૨,૯૯૪ ટન કોરોનાના કારણે બાયોમેડિકલ વેસ્ટ એકઠો કરવામાં આવ્યો છે. કોવિડ ૧૯ બાયોમેડિકલ વેસ્ટમાં મુખ્ય કચરોઁઈ કિટ, માસ્ક, જૂત્તાના કવર, મોજા, હ્યુમન ટિસ્યુસ, લોહી માટે વપરાતો પ્લાસ્ટિકનો સામાન, ડ્રેસિંગ માટે વપરાયેલો સામાન, પ્લાસ્ટર કાસ્ટ (પ્લાસ્ટર ઓફ પેરિસથી થયેલો કચરો), કોટન સ્વેબ, લોહીની થેલીઓ, નીડલ્સ, સિરિન્જ વગેરેનો તેમાં સમાવેશ થાય છે.

આંકડા પ્રમાણે મહારાષ્ટ્રમાં સૌથી વધારે ૫,૩૬૭ ટન કોવિડ વેસ્ટ જૂનથી સાત મહિનામાં થયો છે. જ્યારે તે પછી કેરળ (૩,૩૦૦ ટન), ગુજરાત (૩,૦૮૬ ટન), તામિલનાડુ (૨,૮૦૬ ટન), ઉત્તર

● અનુસંધાન પાન-૭ પર

## ભારતીય સેના દ્વારા પાક. સેનાના ત્રણ સૈનિકો ઠાર

શ્રીનગર,તા.૧૦

એલઓસી પર પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવી રહેલા વારંવાર યુદ્ધવિરામ ભંગની સામે ભારતીય સેનાએ જડબેસલાક કાર્યવાહી કરી હતી. જેમાં પાકિસ્તાની સેનાના ૩ સૈનિકો માર્યા ગયા અને અનેક સૈનિકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

ઈન્ડિયન આર્મીએ કાશ્મીરના રાઝોરીના નૌશેરા સેક્ટર ખાતે પાકિસ્તાની સેનાના યુદ્ધવિરામ ભંગ વિરુદ્ધ જવાબી કાર્યવાહી કરી હતી. આ દરમિયાન દુશ્મન દેશની મહત્વની ચાર સેના ચોકીઓ પણ ભારતીય સેનાએ નષ્ટ કરી નાંખી હતી. રવિવારે દુશ્મન દેશની સેનાએ તેના આતંકીઓને ભારતની સરહદમાં ઘૂસાડવાના કાવતરા હેઠળ એલઓસી પર યુદ્ધવિરામનો ભંગ કરી ભારતીય સુરક્ષા દળોનું ધ્યાન ભટકાવવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો હતો. પરંતુ ભારતીય સુરક્ષા દળોની બાજ નજરથી આતંકીઓ બચી શક્યા નહીં.

ભારતીય સેનાએ આતંકીઓને કવર ફાયર આપી રહેલી પાકિસ્તાની સેના વ્યાજબી પાઠ ભણાવતાં જવાબી કાર્યવાહી કરી હતી. જેમાં તેના ૩ સૈનિકોના મોત થયા હતા અને અન્ય સૈનિકો ઘાયલ થયા હતા. ભારતીય સેનાની જવાબી કાર્યવાહીથી હેતબાઈ ગયેલી પાકિસ્તાની સેનાએ હાલમાં રાઝોરી એલઓસી પર યુદ્ધવિરામ ભંગ બંધ કરી દીધુ હતું.

જોકે આ અંગે એક રિપોર્ટ દર્શાવે છે કે જમ્મુ-કાશ્મીરના વિશેષ દરજ્જાના હટાવ્યા પછી પાકિસ્તાન તરફથી એલઓસી પર યુદ્ધવિરામ ભંગની ઘટનાઓમાં મોટા પ્રમાણમાં વધારો થયો હતો. એલઓસી પર આતંકીઓને ઘૂસણખોરી માટે પાકિસ્તાન સેના દ્વારા કરવામાં આવતા યુદ્ધવિરામ ભંગની બનાવોએ વિતેલા ૧૭ વર્ષનો રેકોર્ડ તોડી નાંખ્યો હતો. ગયા આખા વર્ષ દરમિયાન પાકિસ્તાને એલઓસી પર ૪૭૦૦ વખત યુદ્ધવિરામ ભંગ કરી ગોળીબાર અને મોર્ટાર હુમલા કર્યા હતા.

## કચ્છનું જહાજ ઓમાનના દરિયામાં સળગી ઉઠ્યું : ક્રુ મેમ્બર્સ સમુદ્રમાં કૂદી પડ્યા

**આગની જ્વાળાઓ દરિયામાં દૂર સુધી જોવા મળી હતી**

કચ્છ, તા. ૧૦

માંડવીના સલાયાનું જહાજ ઓમાન સમુદ્રમાં જહાજ સળગવાની ઘટના બની છે. ગુજરાતનું કાર્ગો જહાજ દૂબઈથી સામાન ભરીને સુદાન જઈ રહ્યું હતું. ત્યારે વચ્ચે ઓમાનના મોશિર પાસેના દરિયાના જહાજમાં કન્ટેન્રરમાં અચાનક આગ લાગી હતી. આગના લપેટમાં આવેલું આખુ જહાજ આગમાં સ્વાહા થયું હતું. આગની ઘટનામાં ૮ ક્રુ મેમ્બર્સને બચાવી લેવાયા છે. પોતાનો જીવ બચાવવા તમામ ક્રુ મેમ્બર્સ સમુદ્રમાં કૂદી પડ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, કચ્છી વહાણવટા એસોસિયેશનના પ્રમુખ આદમ સિધિક થૈમ (ભોલુ શેઠ) નું માલિકીનું આ જહાજ હતું. જે ૩૧ ડિસેમ્બરના રોજ દૂબઈ પોર્ટ પરથી જનરલ કાર્ગો ભરીને સુદાન જવા નીકળ્યું હતું. એમએનવી ૨૧૦૫ નામનું જહાજ દૂબઈથી નીકળ્યું હતું. તેના બાદ મશીશ પાસે પહોંચ્યું હતું.



અહી કન્ટેનરમાં રખાયેલા સામાનમાં ક્યાંક આગ લાગી હતી, અને આગે જોતજોતામાં મોટુ સ્વરૂપ લઈ લીધું હતું. પવનને કારણે આગ ફેલાતા તમામ ૮ ક્રુ મેમ્બર્સ જીવ બચાવવા સમુદ્રમાં કૂદી પડ્યા હતા. જોકે, સ્થાનિક માછીમારી કરતી બોટે તમામ ક્રુ મેમ્બર્સને બચાવી લીધા હતા. હાલ તમામને ઓમાનના જીપ્સ પોર્ટ ખાતે મરીન પોલીસે આશ્રય આપ્યો છે. જોતજોતામાં આખુ જહાજ આગમાં સ્વાહા થઈ ગયુ ગયું. આગની જ્વાળાઓ દરિયામાં દૂર સુધી જોવા મળી હતી. સમગ્ર આકાશ આગની જ્વાળામાં લપેટાઈ ગયું હતું.

જહાજમાં સવાર કેપ્ટન કરીમ નુરમામદ ડોસાણી, મોહશીન આદમ જાફરાણી, ચવાણ અબ્દુલ સુલેમાન શુભણીયા, સીધીક મામદ, ગોહીલ જાવેદ હુશેન, મામદ ઓસમાણ, સકીલ અબ્બાસ ભટ્ટી, અનવર અલીમામદ જુણેજા (રહે. તમામ) માંડવી સલાયાના ક્રુમેમ્બરોનો આબાદ બચાવ થયો હતો. તમામ ક્રુ મેમ્બર્સ સમયસર કૂદી પડતા કોઈ જાનહાનિ થઈ નથી.

## ઉત્તર પ્રદેશમાં ૪ મોટા અધિકારીને પટાવાળા અને ચોકીદાર બનાવી દીધા

લખનઉ, તા. ૧૦

ઉત્તર પ્રદેશના સીએમ યોગી આદિત્યનાથે કડક પગલું ભર્યુ છે. સીએમ યોગી આદિત્યનાથે ચાર અધિકારીઓને ચોકીદાર અને પટાવાળા બનાવી દીધા. આ ચારેય અત્યાર સુધી એડિશનલ ડિસ્ટ્રીસ્ટ ઈન્ફોર્મેશન ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા. તેઓ ખોટી રીતે પ્રમોશન મેળવીને ઓફિસર બની ગયા હતા. સીએમ યોગીએ હવે તેમનું ડિમોશન કરી દીધુ છે. ઉત્તર પ્રદેશમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની સરકારે અયોગ્ય રીતે પ્રમોશન મેળવી ચૂકેલા ચારેય ઓફિસરોનું ડિમોશન કરી નાખવાનો નિર્ણય લીધો. મળતી માહિતી મુજબ નવેમ્બર ૨૦૧૪માં આ તમામ અધિકારીઓને નિયમ વિરુદ્ધ પ્રમોટ કરાયા હતા.

## રસી લીધા પછી પણ કોરોનાના હળવા લક્ષણ દેખાઈ શકે છેઃ એમ્સ ડાયરેક્ટર

ન્યુ દિલ્હી,તા.૧૦

દેશભરમાં કોરોનાની વેક્સીન મુકવાની ચાલી રહેલી તૈયારીઓ વચ્ચે એમ્સના ડાયરેક્ટર ડો.રણદીપસિંહ ગુલેરીયાનુ કહેવુ છે કે, કોરોનાની રસી મુકાયા બાદ વ્યક્તિને કોરોના વાયરસનુ સંક્રમણ લાગી શકે છે.

એક વાતચીતમાં તેમણે કહ્યુ હતુ કે, વેક્સીન લાગ્યા બાદ કોઈએ એવુ વિચારવુ ના જોઈએ કે, મારામાં તરત જ રોગ પ્રતિકારક શક્તિ વિકસી જશે. આવામાં માસ્ક પહેરવાનુ, સતત હાથ ધોવાનુ અને સોશિયલ ડિસ્ટન્સિંગ રાખવાનુ ચાલુ રાખવુ જોઈએ.આ તમામ વસ્તુઓની સાવધાની રાખવી જોઈએ.કારણકે રસીના બે ડોઝ લીધા બાદ બે સપ્તાહ પછી પૂરી રીતે ઈમ્યુનિટી શરીરમાં બનતી હોય છે.

ડો.ગુલેરિયાનુ કહેવુ હતુ કે, રસી મુકાયા બાદ પણ કોરોનાના હળવા લક્ષણ જોવા મળી શકે છે.




